**તા.૧૪/૩/૨૦૧૪ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૨૯/૧૪**

**ક્રાઇમ બ્રાન્ચ :-**

**(૧)**

તા.૧૩/૦૩/૨૦૧૪ પોલીસ ઇન્સ્પેકટર બી.પી. રોજીયા તથા બીજા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન હેડ.કોન્સ. અખ્તરહુસેન જલાલુદીન નાઓએ મળેલ બાતમી હકિક્ત આધારે દાણીલીમડા પ્રગતિ સોસાયટી ચાર રસ્તા પાસેથી આરોપી ફિરોજ રઇશએહમદ જાતે પઠાણ ઉ.વ.૩૪ રહે, ઠાકોરવાસ, કે.જી.એન. એપાટમેન્ટ રૂમ નં.૧૦, દાણીલીમડા અમદાવાદ શહેર નાનો પોતાના કબજામાં ગેરકાદેસર હથિયાર પરવાના વગર દેશી હાથ બનાવટનો પિસ્ટલ નંગ:-૧ કિ.રૂ.૨૦,૦૦૦/- તથા નાના કાર્ટીસ નંગ-૪ કિ.રૂ.૨૦૦/- સાથે મળી આવતા સદરી આરોપીને તા.૧૩/૦૩/૨૦૧૪ ના કલાક ૧૯/૧૫ વાગે પકડી અટક કરી, તેનાં વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ડી.સી.બી. પોલીસ સ્ટેશન II ગુ.ર.નં. ૩૦૨૦/૨૦૧૪ ધી આર્મ્સ એકટ કલમઃ- ૨૫ (૧) બી-એ મુજબ ગુનો દાખલ કરવામા આવેલ છે. અને વધુ તપાસ પોસઇશ્રી એસ.બી. ઝાલા નાઓ ચલાવી રહેલ છે.

**(૨)**

તા.૧૩/૩/૧૪ ક. ૧૯:૦૫ પોસઈ શ્રી એ કે વડીયા એસઓજી ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ તથા બીજા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન આશ્રમ રોડ ચીનુભાઈ ટાવર સામે, બેન્ક ઓફ ઈન્ડીયા ના બહારના ભાગે આરોપી રામવરનસિંગ રામનાથસિંગ વર્મા (રહે. ૧૫૮, પટેલ રોડવેઝ ગોડાઉન ઉપરના ભાગે, ફીલીપ્સ ઈન્ડીયા કંપની પાસે, અસલાલી અમદાવાદ) પોતાના કબજામાં ગેરકાદેસર હથિયાર પરવાના વગર (૧) સીંગલ બેરલ શોટ ગન બાર બોર કિ.રુ. ૧૦,૦૦૦/- (૨) કારતુસ નંગ ૫ કિ.રુ. ૨૫૦/- સાથે મળી આવતા સદરી આરોપીને તા.૧૩/૦૩/૨૦૧૪ ના કલાક ૧૯/૦૫ વાગે પકડી અટક કરી તેનાં વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ડી.સી.બી. પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં. ૩૦૧૯/૧૪ ધી ઈપીકો ક. ૧૮૮ તથા આર્મ્સ એકટ કલમ ૩૦ મુજ્બ ગુનો દાખલ કરવામા આવેલ છે અને વધુ તપાસ પોસઇશ્રી એ કે વડીયા નાઓ ચલાવી રહેલ છે.

(3)

અમદાવાદ શહેરમાં બનેલ મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.બી.રાણા ક્રાઇમ બ્રાન્ચનાઓ દ્રારા આપેલ સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી વી.એચ.જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એનઆઇડી ચાર રસ્તા આગળ આવતા સાથેના PC મહંમદશાહીલ શબ્બીરમીંયા નાઓએ આપેલ બાતમી હકીક્ત આધારે પરેશભાઇ S/o રમણભાઇ પરમાર ઉ.વ.૨૪ રહે.રુમ નં.૪૫૨, બ્લોક નં.૧૩, વ્રજનગરી ફલેટ, વસ્ત્રાપુર ક્રોસિંગ પાસે, વેજલપુર, અમદાવાદ શહેરનાની પાસેથી સફેદ કલરની એકિટવા નંબર GJ-01-NP-6744 ની કિં.રુ.૩૦,૦૦૦/- ગણી સીઆરપીસી ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી સદરીને સીઆરપીસી ૪૧(૧)ડી મુજબ અટક કરી વધુ પુછપરછ દરમ્યાન આ એકટીવા પોતાના ઓળખીતા મીતુલ નામના છોકરાએ વેચવા માટે આપેલ હોવાનુ જણાવે છે.અને વધુ તપાસ કરતાં આ બાબતે આનંદનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૩૯/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ઉપરોક્ત એકટીવા ચોરીએ ગયેલાનુ જણાઇ આવેલ છે.સદરીની વધુ પુછપરછ જારી છે.

## વટવા પોલીસ સ્ટેશન

(૧)

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં .૫૫/૧૪ ઇપીકો કલમ ૪૦૫,૪૦૬,૪૨૦,૧૨૦(બી) મુજબ ના કામના આરોપીઓ નં-(૧) માલાજી અસલાજી પ્રજાપતી ઉં.વ.૫૪ રહે,અર્થ બંગ્લોઝ પ્રહલાદ નગર ગાર્ડન પાસે આનંદનગર રોડ સેટેલાઇટ અ'વાદ (૨) દેવાજી સમર્થીની પ્રજાપતી ઉં.વ.૬૬ રહે,૪૨ શ્યામ સુંદર સોસા વેજલપુર પોલીસ ચોકી સામે અ;વાદ (૩) જેઠાજી ત્રીકમાની પ્રજાપતી ઉં.વ.૬૦ રહે,૪૭ પ્રકાશપાર્ક સોસા ધુવસ્કુલ પાસે વેજલપુર વા અ'વાદ (૪) દીપાજી હુકમાજી પ્રજાપતી ઉં.વ.૭૦ રહે,૬/૧ કુષ્ણકુંજ ટેનામેન્ટ પી.ડી.પંડ્યા કોલેજ રોડ ઘોડાસર વટવા અ'વાદ (૫) ડુગાજી તારાજી પ્રજાપતી ઉં.વ.૪૮ રહે,૬૬શીવ શિવશકિત સોસા આત નગર ઇસનપુર અ'વાદ (૬) બાબુલાલ નેમાજી પ્રજાપતી ઉં.વ.૪૩ રહે,૫૬ગીતાનગર સોસા સુરેલીયા એસ્ટેટ વસ્ત્રાલ રોડ અમરાઇવાડી અ'વાદ નાઓને અત્રેના પોલીસ સ્ટેશનના સીની..પો.ઇન્સ. શ્રી એચ.જે.ચૌધરી નાઓએ ઉપરોક્ત આરોપીઓને ને તા.૧૩/૩/૧૪ ના કલાક ૧૩.૧૫ વાગે પકડી અટક કરી સદરી આરોપીઓ ને નામદાર સેસન્સ કોર્ટ- નં ૧૯ ના જાવક નં ૧૯૬૯/૧૪ ના હુકમ આધારે જામીન પર મુકત કરેલ છે

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં.૮૬/૧૪ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬. તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૨) (૫) મુજબ ના કામના આરોપી રવિ શૈલેશભાઇ ક્રિશ્ચિયન ઉ.વ.૨૦ રહે રાણીપુર ગામ ઇન્દિરાનગર મ્યુસિપલ શાળા પાસે નારોલ અ;વાદ નાઓને મ.પો.કમિશ્નર શ્રી જે.ટી.રાણા એસ.એસ.ટી સેલ કારંજ ભવન અમદાવાદ નાઓએ આરોપીને તા.૧૩/૩/૧૪ ના કલાક ૨૧/૧૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.